# કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ દ્વારા "ગાજરઘાસ જાગૃતિ સપ્તાહ" અંતર્ગત યોજાયેલ લોક જાગૃતિ-વ-તાલીમ કાર્યક્રમ

ભારત સરકાર દ્વારા દર વર્ષે તા. ૧૬-૨૨, ઓગષ્ટ ને ગાજરઘાસ જાગૃતિ સપ્તાહ તરીકે ઉજવવામાં આવે છે જેના ભાગ રૂપે તારીખ ૨૦.૦૮.૨૦૧૯ ના રોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવાતજ તથા નિંદણ નિયંત્રણ યોજના, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ ના સંયુક્ત ઉપક્રમે મેરા ગાવ મેરા ગૌરવ અંતર્ગત દત્તક લીધેલ ગામ સીમરડા ખાતે જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવેલ જેમાં ૫૦ જેટલા ખેડુત ભાઇઓ હાજર રહેલ. નિંદણ નિયંત્રણ યોજનાના મદદનીશ પ્રાધ્યાપક શ્રી ડી. ડી. ચૌધરીએ ગાજરઘાસ નિયંત્રણની સંપૂર્ણ માહિતી આપી તેમજ ગાજર ઘાસના ઉપદ્રવ, નુકશાનો અને તેના નિયંત્રણના ઉપાયો પરત્વે માહિતગાર કરી ભારત સરકાર દ્વારા પ્રસ્તુત ટૂંકી વિડીયો ફિલ્મ બતાવી તથા સદર વિષયોક્ત બાબતનું સાહિત્યનું વિતરણ કર્યુ. ત્યારબાદ કે.વિ.કે. ના વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી ડૉ. જી.જી. પટેલે ગાજરઘાસ જાગૃતિ સપ્તાહ વિશે વિસ્તૃતમાં ચર્ચા કરી તેના નિયંત્રણ માટે અસરકારક અમલવારીના સંકલ્પ લેવડાવ્યા. ત્યારબાદ ડૉ. યોગેશભાઇ સી. લકુમ, વૈજ્ઞાનિક (એગ્રોનોમી) એ ખેડૂત ભાઇઓને નિંદણથી થતા નુકશાન અને હઠીલા નિંદણનો ફેલાવો થતા અટકાવવાના ઉપાયો જણાવ્યા. વધુમાં કેન્દ્રના ડૉ. આર. એમ. પટેલ, વૈજ્ઞાનિક (પાક સંરક્ષણ) દ્વારા કાર્યક્રમનું સફળ આયોજન તેમજ સંચાલન કરવામાં આવેલ.

તારીખ ૨૧.૦૮.૨૦૧૯ ના રોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવાતજ ખાતે સમૂહ પ્રથમ હરોળ નિદર્શનના તાલીમ કાર્યક્રમમાં ગાજરઘાસ જાગૃતિ સપ્તાહ પરત્વે ખેડુતોને ગાજરઘાસ નિયંત્રણ માટે તાલીમ આપવામાં આવી જેમાં શ્રી ડી. ડી. ચૌધરી, મદદનીશ પ્રાધ્યાપક, નિંદણ નિયંત્રણ યોજના, આ.કૃ.યુ., આણંદ એ ગાજરઘાસ નિયંત્રણની સંપૂર્ણ માહિતી આપી અને ભારત સરકાર દ્વારા પ્રસ્તુત ટૂંકી વિડીયો ફિલ્મ બતાવી.

તારીખ ૨૨.૦૮.૨૦૧૯ ના રોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજ દ્વારા ગાજરઘાસ જાગૃતિ સપ્તાહ અંતર્ગત એટિક બીલ્ડીંગ, આ.કૃ.યુ., આણંદ ખાતે યોજેલ સમૂહ પ્રથમ હરોળ નિદર્શનની તાલીમમાં ડૉ. વાય. સી. લકુમ, વૈજ્ઞાનિક (એગ્રોનોમી) એ ખેડૂત ભાઇઓને ગાજરઘાસ નિયંત્રણની સંપૂર્ણ માહિતી આપી. આમ, કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, દેવાતજ દ્વારા ગાજરઘાસ જાગૃતિ સપ્તાહની સફળતા પૂર્વક ઉજવણી કરવામાં આવેલ.

## કાર્યક્રમની ઝાંખીઓ




તા.૨૦/૮/૧૯ સીમરડા, ડૉ. જી.જી.પટેલ દ્વારા માર્ગદર્શન



તા. ૨૦/૮/૧૯ સીમરડા,ડૉ. આર.એમ.પટેલ દ્વારા માર્ગદર્શન



તા૨૧/૮/૧૯ કેવિકે, દેવાતજ, શ્રી ડી.ડી.ચૌધરી દ્વારા માર્ગદર્શન



તા.૨૧/૮/૧૯ કેવિકે, દેવાતાજ, ટૂંકી વિડીયો ફિલ્મ પ્રસ્તુતિ



તા. ૨૨/૮/૧૯ આણંદ ખાતે ડૉ લકુમ .સી .વાય .દ્વારા માર્ગદર્શન